
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## નવ મહિના પછી ફરી એક વખત સુરતમાં એક કલાક માટે અંધારપટ જોવા મળ્યો હતો, તે સમયે ઓપરેશન સિંદૂરની તૈયારી હતી અને આ વખતે અર્થ અવર



■ અર્થ અવર એ WWF (વર્લ્ડવાઇડ ફંડ ફોર નેચર ) દ્વારા શરૂ કરવામાં આવેલી એક પહેલ છે. આ દિવસે વિશ્વભરના લોકો, વ્યવસાયો અને શહેરો એક કલાક માટે તેમની બિનજરૂરી લાઇટો અને વીજ ઉપકરણો બંધ રાખે છે. તે સામાન્ય રીતે માર્ચ મહિનાના છેલ્લા શનિવારે ઉજવાય છે. જેના કારણે સુરતમાં અનેક જાગૃત નાગરિકોએ એક કલાક માટે પાવર બંધ રાખીને નેચર પ્રત્યેની તેમની લાગણી દર્શાવી હતી. **(તસવીર : હેમંત ડેરે)**

### ગુજરાત તકેદારી આયોગને 11223 ફરિયાદ મળી

# સુરત જિલ્લામાં સૌથી વધુ ભ્રષ્ટાચાર

**શહેરી** વિકાસ વિભાગમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર, બીજા ક્રમે મહેસૂલ વિભાગ

ગાંધીનગર : ગુજરાત તકેદારી આયોગ (વિજીલન્સ કમિશન)ને 2024ના વર્ષ દરમિયાન સરકારના વિવિધ વિભાગોમાં ભ્રષ્ટાચારની 11223 જેટલી ફરિયાદો મળી છે, જો કે આ બધીજ ફરિયાદો કરનાર ગુજરાતના શહેરો પૈકી સુરત જિલ્લા સંદર્ભે ભ્રષ્ટાચારની સૌથી વધુ ફરિયાદો આયોગ સમક્ષ આવી છે. જયારે બીજા ક્રમે અમદાવાદ, ત્રીજા ક્રમે વડોદરા , ચોથા ક્રમે રાજકોટ અને પાંચમાં ક્રમે ગાંધીનગર જિલ્લા સંબંથધિત ફરિયાદ કરાઈ છે. આયોગના વાર્ષિક રિપોર્ટમાં જણાવ્યા મુજબ , શહેરિ વિકાસ વિભાગમાં ભ્રષ્ટાચારની

...અનુસંધાન પાના ૭ પર

### આ વિભાગોના સૌથી વધુ કેસ

| | |
|---|---|
| શહેરી વિકાસ વિભાગના | 707 |
| પંચાયત વિભાગના | 697 |
| મહેસૂલ વિભાગના | 573 |
| માર્ગ મકાન વિભાગના | 313 |
| ઉદ્યોગ વિભાગના | 184 |
| શિક્ષણ વિભાગના | 171 |
| કૃષિ વિભાગના | 140 |
| આરોગ્ય વિભાગના | 137 |
| નર્મદા - જળ સંપત્તિ વિભાગના | 121 |

### પ્રાથમિક તપાસના કેસો

| | |
|---|---|
| ગુજરાત પાણી પુરવઠા વિભાગના | 46 |
| સરદાર સોરવર નર્મદા નિગમના | 38 |
| ગુજરાત મેરી ટાઇમ બોર્ડના | 35 |
| પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના | 11 |
| એસટી નિગમના | 10 |

### ૬૭૮ જાહેર સેવકો સામે શિસ્તભંગની કાર્યવાહીની સૂચના

ગુજરાત તકેદારી આયોગ દ્વારા વર્ષ-૨૦૨૪ના અહેવાલમાં રાજ્યના વિવિધ સરકારી વિભાગોમાં ચાલતા ભ્રષ્ટાચાર, નાણાકીય અનિયમિતતા અને વહીવટી શિથિલતા અંગે ગંભીર ખુલાસા કરવામાં આવ્યા છે. આયોગે વર્ષ દરમિયાન ૧૩૮૨ જેટલા જાહેર સેવકો સામે વિવિધ પ્રકારની શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ભલામણ કરી છે. ભારે શિક્ષાની ભલામણ કરવામાં આવી છે. ૬૭૮ જાહેર સેવકો સામે ગંભીર પ્રકારની શિસ્તભંગની કાર્યવાહી સૂચવવામાં આવી છે. લાંચરૂશ્વત વિરોધી

...અનુસંધાન પાના ૭ પર

### જવાબદારો નિવૃત્ત થઇ ગયા છતાં તપાસ નહીં થઇ

આયોગે અહેવાલમાં ખાસ નોંધ્યું છે કે અનેક કિસ્સાઓમાં વિભાગો દ્વારા તપાસ અહેવાલ મોકલવામાં ૫ થી ૧૨ વર્ષ જેટલો અસાધારણ વિલંબ કરવામાં આવે છે. આ વિલંબના કારણે જવાબદાર અધિકારીઓ વયનિવૃત્ત થઈ જાય છે, જેના પરિણામે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવી શક્ય બનતી નથી. ઉદાહરણ તરીકે વન અને પર્યાવરણ વિભાગમાં વર્ષ ૨૦૦૯ની ફરિયાદનો નિકાલ ૨૦૨૨માં થતા ૫ આક્ષેપિતો નિવૃત્ત થઈ ગયા હતા. તેવી જ રીતે માર્ગ અને મકાન વિભાગમાં પોરબંદર-દ્વારકા હાઈવેના કામમાં ૮ વર્ષના વિલંબને કારણે ૧૧ અધિકારીઓ સામે કાર્યવાહી થઈ શકી ન હતી. તળાવ ઉંડા ઉતારવામાં ગેરરીતિમાં ૧૨

...અનુસંધાન પાના ૭ પર

### આયોગની ભલામણો

આયોગે માત્ર શિક્ષાત્મક જ નહીં, પણ ભ્રષ્ટાચાર અટકાવવા માટે વહીવટી સુધારાઓ માટે પણ મહત્વના સૂચનો આપ્યા છે. તેમાં ઈ-તકેદારી પોર્ટલ, પ્રોસેસ રી-એન્જિનિયરિંગ, ઓટોમેશન અને પારદર્શિતા વધારવાના પગલાં પર ભાર મૂકાયો છે, જેથી ભવિષ્યમાં ગેરરીતિઓ અટકાવી શકાય.ખાસ કરીને ઓનલાઇન પોર્ટલ, ઈ-તકેદારી અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) જેવી વ્યવસ્થાઓ દ્વારા પારદર્શિતા લાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.તકેદારી આયુક્ત સંગીતા સિંહે અહેવાલમાં સ્પષ્ટ કર્યું છે કે જો સમયમર્યાદાનું પાલન અને જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવશે તો ભ્રષ્ટાચાર સામેની

...અનુસંધાન પાના ૭ પર


### શ્રીપાળ રાસનું વાંચન આયંબિલની ઓળીમાં ભારતભરમાં થાય છે

# શ્રીપાળ રાસની રચના ત્રણ સો વર્ષ પહેલા રાંદેરમાં થઇ હતી

ગુજરાતમિત્ર વિશેષ

**ચાતુર્માસ** દરમિયાન વિનય વિજયજી મહારાજ સાહેબે આ રચના કરી હતી

**શ્રીપાળ** રાજા અને મયણા રાણીના રાસનો અંતિમ ભાગ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબે પૂર્ણ કર્યો હતો



સુરત : હાલમાં જૈન સમાજમાં આયંબિલની ઓળી ચાલી રહી છે ત્યારે આ સમયે સુરતને યાદ કરવું ખૂબ જરૂરી છે. કારણ કે ઓ યશોવિજયજી મહારાજ સાહેબને કરી હતી જેથી તેમણે આ તબક્કો પૂર્ણ કર્યો હતો. આયંબિલની ઓળી આ રાસના વાંચન વગર અધૂરી માનવામાં આવે છે.

સુરત કરતાં પહેલા રાંદેર વસ્યું હતું અને આ ભૂમિ પર અનેક સુવિખ્યાત દહેરાસરો આવેલા

...અનુસંધાન પાના ૭ પર



### રાંદેર જૈન સંઘે અહીં ગુરુમંદિર બનાવ્યું છે

રાંદેર જૈન સંઘ વર્ષોથી સક્રિય છે અને આ રાસના રચિયિતા વિજય વિજયજી મહારાજ સાહેબની યાદમાં રાંદેર જૈન સંઘે અહીં ગુરુમંદિર પણ બનાવ્યું છે. મહારાજ સાહેબના પગલાં આજે પણ અહીં જોવા મળે છે.

### ભાવેશ ગજેરા મિત્રની પત્નીની સારવાર માટે આશ્રમમાં આવ્યો હતો

# આશ્રમમાં યોગગુરુ પ્રદીપનો સંપર્ક થતાં શરૂ થયો નકલી નોટનો ખેલ

**કસ્ટમ** વિભાગ પણ તપાસમાં જોડાયો

**અમદાવાદમાં** 40% કમિશન પર મોટી ડીલ

અમદાવાદ: અમદાવાદના અમરાવાડીમાંથી ઝડપાયેલા નકલી નોટ કૌભાંડમાં સુરતના સત્યમ યોગ ફાઉન્ડેશન સાથે સંકળાયેલા યોગગુરુ પ્રદીપ જોટંગીયા સહિત સાત આરોપીની ધરપકડ કર્યા બાદ ક્રાઇમ બ્રાન્ચે સુરતથી આ કૌભાંડમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર આરોપી ભાવેશ વલ્લભભાઈ ગજેરાની ધરપકડ બાદ તેની પૂછપરછ કરતાં અનેક ચોંકાવનારા ખુલાસા બહાર આવ્યા છે. ક્રાઇમ બ્રાન્ચની તપાસમાં નકલી નોટ કૌભાંડનું મુખ્ય કેન્દ્ર બિંદુ અને તેની શરૂઆત સુરતના સત્યમ યોગ ફાઉન્ડેશન આશ્રમથી થઈ આંતરરાષ્ટ્રીય સ્તર સુધી તેના તાર જોડાયેલા હોવાનું તપાસમાં

...અનુસંધાન પાના ૭ પર

### આશ્રમમાં સારવાર દરમિયાન સંપર્ક અને કૌભાંડમાં એન્ટ્રી

તપાસમાં ચોકાવનારી વિગતો સામે આવી, જેમાં આરોપી ભાવેશ ગજેરાના મિત્રની પત્નીની સારવાર યોગગુરુ પ્રદીપના આશ્રમમાં ચાલતી હતી. દરમિયાન ભાવેશ ગજેરાની યોગગુરુ પ્રદીપ જોટંગીયા સાથે મુલાકાત થઈ હતી અને ત્યાંથી શરૂ થયો નકલી નોટોનો ખેલ. સત્યમ યોગ ફાઉન્ડેશનમાં સારવાર માટે વારંવાર જતો હોવાથી ભાવેશ ગજેરા યોગગુરુ પ્રદીપના સંપર્કમાં આવ્યો અને ત્યારબાદ નકલી ચલણી નોટો બનાવવાના ષડયંત્રમાં તે જોડાયો હતો. સત્યમ યોગ ફાઉન્ડેશન માત્ર સારવાર માટે જ નહીં પરંતુ આરોપીઓ વચ્ચે સંપર્ક સાધવાનું એક માધ્યમ પણ બન્યું હતું. અહીંથી જ ગેંગના સભ્યો વચ્ચે નેટવર્ક મજબૂત બન્યું હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### કસ્ટમ વિભાગ પણ તપાસમાં જોડાયો

નકલી નોટ કૌભાંડમાં કાગળો ચીનથી મંગાવવામાં આવ્યા હતા. ત્યારે આ પાર્સલ ક્યાંથી કેવી રીતે આવ્યું તે અંગે કસ્ટમ વિભાગ આ પાર્સલનાં રેકોર્ડ, આયાત પ્રક્રિયા અને તેમાં સંડોવાયેલા લોકોની વિગતો ચકાસી રહ્યું છે. આ કૌભાંડના તાર આંતરરાષ્ટ્રીય સ્તરે જોડાયેલા હોવાનું બની શકે છે.

### અમદાવાદમાં 40% કમિશન પર મોટી ડીલ

તપાસમાં સામે આવ્યું છે કે, ફેબ્રુઆરી-2026ની ત્રીજી-ચોથી તારીખે ભાવેશ ગજેરા અમદાવાદ આવ્યો હતો. અહીં તેણે એક વ્યક્તિ સાથે મુલાકાત કરી, 40 ટકા કમિશન પર 20 લાખ રૂપિયાની નકલી નોટો બજારમાં ફરતી કરવાની ડીલ નક્કી કરી હતી. આ નોટો તે વ્યક્તિને આપી દેવામાં આવી છે.

### ચૂંટણી માટે અનામત બેઠકોમાં અન્યાય કરાયો છે

# સુરત મનપાની SC-ST બેઠકો મુદ્દે હાઈકોર્ટમાં પિટિશન

**નિવૃત્ત** શાસનાધિકારી પરિક્ષિત રાઠોડની તા.28-10-2025ની બેઠક ફાળવણીના આદેશ પર સ્ટે આપવાની પણ માંગ

**વિધાનસભા** ચૂંટણી મુજબ અનુસૂચિત જાતિ માટે 7% અને અનુસૂચિત જનજાતિ માટે 14% આરક્ષણ લાગુ કરવા દિશાનિર્દેશ આપવા હાઈકોર્ટને વિનંતી કરાઇ

સુરત, ગાંધીનગર: એક તરફ સુરત મહાનગરપાલિકા સહિતની પાલિકાની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે, ત્યારે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં SC અને STની વસતી મુજબ અનામત બેઠકો મળી નથી. ખોટી રીતે વોર્ડ વિભાજન કરી અનામત બેઠકના લાભાર્થીને પ્રતિનિધિત્વથી વંચિત રાખવામાં

...અનુસંધાન પાના ૭ પર

### સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં બેઠક ફાળવણી

સુરતઃ આવનારી મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણીમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે બેઠકોની ફાળવણી 2011ની વસતી ગણતરીના આધારે કરવામાં આવી છે.

- ચૂંટણી આયોગના ઓર્ડર તા.28/10/2025 મુજબ SC/ST માટેની બેઠક ફાળવણી 2011ની વસતી ગણતરી આધારિત
- 2021ની વસતી ગણતરી Covid-19ને કારણે થઈ નથી. તેથી 2021ના ડેટા ઉપલબ્ધ નથી અને SC માટે 3 તથા ST

...અનુસંધાન પાના ૭ પર

### દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો માટે TOU 2 કલાક વધારવામાં આવ્યો

# પ્રતિ યુનિટ 60 પૈસાના ડિસ્કાઉન્ટથી ઉદ્યોગોને વર્ષે 128 કરોડનો લાભ

**ચેમ્બર** ઓફ કોમર્સની અસરકારક રજૂઆતના પરિણામે હજારો ઉદ્યોગોને મોટી રાહત

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીએ ગુજરાત ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (GERC) દ્વારા દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) માટે વર્ષ 2026-27 માટે જાહેર કરાયેલા ટેરિફ ઓર્ડરનું સ્વાગત કર્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સે ટેરિફ નિર્ધારણ પ્રક્રિયામાં સક્રિય ભાગ લઈ ઉદ્યોગો તથા વીજ ગ્રાહકોના હિતમાં વિગતવાર રજૂઆત કરી હતી. ચેમ્બરની આ રજૂઆતને યોગ્ય પ્રતિસાદ આપતા કમિશને વિવિધ મુદ્દાઓમાં ઉદ્યોગલક્ષી અને વ્યવહારુ નિર્ણય કર્યા છે, જેના પરિણામે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને નોંધપાત્ર રાહત મળશે.


ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવેલી રજૂઆતને માન્ય રાખીને GERCએ મહત્વપૂર્ણ સૂચનોનો સમાવેશ કર્યો છે. આ નિર્ણયોથી વીજ વપરાશકારોને રાહત મળશે અને ઉદ્યોગોને કાર્યક્ષમતા વધારવામાં સહાય મળશે.

ટાઈમ-ઓફ-યૂઝ (TOU) ડિસ્કાઉન્ટનો સમયગાળો 2 કલાક વધારવામાં આવ્યો છે. અગાઉ

...અનુસંધાન પાના ૭ પર


સેલ 55% ડિસ્કાઉન્ટ
ગ્રેનામાઈટ ટાઈલ્સ
Size: 8x4 ft, 6x4 ft, 4x4 ft
(ગોડાઉન ખાલી કરવાનું હોવાથી)
કોન્ટેકટ - 98980 76797

જમીન વેચવાની છે
મુ.પો :મોતા, બારડોલી
૧૭૫ વિંઘા
☑ ટોટલ વ્હાઈટ પેમેન્ટ. ☑ બે બાજુ ડામર પટ્ટી રસ્તો.
☑ મોતા ગામ ફ્રી ઝોન માં છે. ☑ 100% ચેક પેમેન્ટ.
કોન્ટેક્ટ : મુકેશભાઈ 98259 55844

જુની બોમ્બે માર્કેટ ઉમરવાડા, સુરત-૧૦

તા.૩૧-૦૩-૨૦૨૬ ને મંગળવારના રોજ
મહાવીર જયંતિ
નિમિત્તે
માર્કેટ સંપૂર્ણપણે બંધ રહેશે.
તા.૦૧-૪-૨૦૨૬ ને બુધવારથી માર્કેટ રાબેતા મુજબ ચાલુ રહેશે.
નોંધ: દર રવિવારે માર્કેટ બંધ રહેશે.




**સુરતી મોઢ વણિક અવસાન**



દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી
ચંદ્રિકાબેન (ચંપાબેન) ચંપકલાલ પાનવાલાનું
વિક્રમ સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ દશમ શનિવાર તા.૨૮/૦૩/૨૦૨૬ના રોજ અવસાન થયેલ છે.
સદ્‌ગતનું પાથરણું તા.૨૯/૦૩/૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન
શ્રી સુરતી મોઢ વણિક વાડી ગ્રાઉન્ડ ફ્લોર, બમનજી શેરી, રૂઘનાથપુરા, લાલ દરવાજા ખાતે રાખેલ છે.
શોકાતુર
ધર્મેશ ચંપકલાલ પાનવાલા (પુત્ર) યાન બ્રોકર
રીટા ધર્મેશ પાનવાલા (પુત્રવધુ)
સ્વ. કિશોર ઠાકોરદાસ પાનવાલા (જમાઈ)
માધવી કિશોર પાનવાલા (પુત્રી)
જાનવી, શનિ, દિપેશ, અંકિત
સમસ્ત પાનવાલા પરિવાર
સ્વ. ચંદ્રિકાબેન (ચંપાબેન) ચંપકલાલ પાનવાલા
સ્વ.તા.૨૮/૦૩/૨૦૨૬

**ખંભાતી ક્ષત્રિય અવસાન**



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા સ્વજનશ્રી
ઉદયરામ આત્મારામ ધારીયા
તા.૨૮/૦૩/૨૦૨૬ ને શનિવાર ના રોજ અવસાન પામ્યા છે.
પ્રભુ સદ્‌ગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.
સદ્‌ગતનું બેસણું તા.૨૯/૦૩/૨૦૨૬ ને રવિવાર ના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે.
બેસણાનું સ્થળ : શ્રી ખંભાતી ક્ષત્રિય જ્ઞાતિ પંચની વાડી, રૂસ્તમપુરા, સુરત.
ગં.સ્વ.ગીતાબેન ઉદયરામ ધારીયા
દેવાંગ ઉદયરામ ધારીયા
ફરસરામ આત્મારામ ધારીયા
લક્ષ્મીરામ આત્મારામ ધારીયા
સ્વ.મહેશભાઈ આત્મારામ ધારીયા
તથા સમસ્ત ધારીયા પરિવાર
સ્વ.ઉદયરામ આત્મારામ ધારીયા
સ્વ.તા.૨૮/૦૩/૨૦૨૬

**દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ. મુકુંદરાય ખંડુભાઈ નાયક
સ્વ. તા. ૨૯-૦૩-૨૦૧૬
"પિતૃવંદના"
પુરૂષાર્થ અને પરિશ્રમ જેના પર્યાય છે...
શિસ્તતા અને સમયબદ્ધતા જેની સંસ્કૃતિ છે...
જ્ઞાન અને ગુણવત્તા જેનું આભૂષણ છે...
જેની જીવનશૈલી
પ્રેરણા અને પ્રગતિનો સ્ત્રોત છે...
જેના નામમાં વિષ્ણુજીનો વાસ છે...
એવા સૌના પથદર્શક પરમ પૂજ્ય આદરણીય
શ્રી મુકુંદરાય કે. નાયક (એડવોકેટ)
ને તેઓની દસમી પુણ્યતિથિ પર
હૃદયપૂર્વક સત્ સત્ નમન.....
તમારી કૈલાસ
નૈષધ ભૂપતભાઈ દેસાઈ (એડવોકેટ) મમતા નૈષધ દેસાઈ (એડવોકેટ)
સંજય મુકુંદરાય દેસાઈ (નાયક) (એડવોકેટ) ગીતા સંજય દેસાઈ (એડવોકેટ)
મનીષ મુકુંદરાય દેસાઈ (એડવોકેટ) શીતલ મનીષ દેસાઈ
સંકેત મનીષભાઈ કુલકર્ણી દ્રષ્ટિ સંકેત કુલકર્ણી દેસાઈ
મિત્ર ચેતનકુમાર શાહ કિંજલ મિત્ર શાહ દેસાઈ
પારાંશ મનીષ દેસાઈ

**દુ:ખદ અવસાન બેસણું**



સ્વ. બાબુભાઈ શાંતિલાલ પટેલ
જન્મ તા.: ૦૪/૦૩/૧૯૫૨ । સ્વ.તા: ૨૬/૦૩/૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે અમારા જમાઈશ્રી બાબુભાઈ શાંતિલાલ પટેલનું તાઃ ૨૬/૦૩/૨૦૨૬ ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૩૦/૦૩/૨૦૨૬ ને સોમવાર ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧:૦૦ કલાક દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે. લૌકિક રીવાજ બંધ છે.
લિ.
ઈશ્વરભાઈ પાંચીયાભાઈ પટેલ | બીપીનભાઈ બાબુભાઈ પટેલ
મનહરભાઈ ભાણાભાઈ પટેલ | પ્રકાશભાઈ તનસુખભાઈ પટેલ
તથા સમસ્ત પાંચીયા પરિવાર
બેસણાનું સ્થળ : 'સમર્થ સાઈ' રૂંઢ મગદલ્લા, મેઈન રોડ, સુરત.

**દુ:ખદ અવસાન બેસણું**



સ્વ. બાબુભાઈ શાંતિલાલ પટેલ
જન્મ તા.: ૦૪/૦૩/૧૯૫૨ । સ્વ.તા: ૨૬/૦૩/૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતા/ભાઈશ્રી બાબુભાઈ શાંતિલાલ પટેલનું તાઃ ૨૬/૦૩/૨૦૨૬ ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૩૦/૦૩/૨૦૨૬ ને સોમવાર ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧:૦૦ કલાક દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે. લૌકિક રીવાજ બંધ છે.
લિ. સ્વ. શાંતિબેન બાબુભાઈ પટેલ(પત્ની)
ઈશ્વરભાઈ શાંતિલાલ પટેલ | હેતલભાઈ બાબુભાઈ પટેલ(પુત્ર)
જગદીશભાઈ શાંતિલાલ પટેલ | મુકેશભાઈ ભગુભાઈ પટેલ(જમાઈ)
શૈલેષભાઈ બાબુભાઈ પટેલ(પુત્ર) | અંજનાબેન મુકેશભાઈ પટેલ(પુત્રી)
ચેતનભાઈ બાબુભાઈ પટેલ(પુત્ર) | તથા સમસ્ત શાંતિદેવા પરિવાર
બેસણાનું સ્થળ : ૧૦૧,બોડા સ્ટ્રીટ, મગદલ્લા, સુરત.